RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 130 * Date: 01.03.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ૧૦૦ કરોડ ભારતીયોના ખિસ્સા ખાલી, વધારાનો ખર્ચ કરવા માટે રૂપિયા નથીઃ ચોંકાવનારો અહેવાલ

દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતા ભારતનું ગ્રાહક-બજાર ખૂબ વિશાળ હોવાનું ગાણું વારંવાર ગવાતું રહે છે. દુનિયાના તમામ દેશોને અને મોટીમોટી કંપનીઓને ભારતની ૧૪૦ કરોડ જનસંખ્યાની ગરજ હોવાથી મૂડીબજાર ક્ષેત્રમાં ભારતનો હાથ ઉપર હોવાની રૂડી-રૂપાળી વાતો તો બહુ થાય છે, પણ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. ક્યારેય વિચાર્યું છે કે તોતિંગ લાગતી ૧૪૦ કરોડની જનસંખ્યામાં મુક્તમને ખરીદી કરી શકે એટલા લોકો દેશમાં કેટલા છે? આ બાબતે તાજેતરમાં પ્રકાશિત થયેલા એક અહેવાલે ચોંકાવનારા તારણો જાહેર કર્યા છે.

'માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ' નામની કંપની દ્વારા જાન્યુઆરી, ૨૦૨૫માં એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે, જે કહે છે કે, ભારતમાં ૧૪૦ કરોડ લોકો રહે છે, પરંતુ એમાંના લગભગ ૧૦૦ કરોડ લોકો પાસે મૂળભૂત જરૂરિયાત ઉપરાંતની પોતાની ઈચ્છા મુજબની ચીજવસ્તુઓ અથવા સેવાઓ પર ખર્ચ કરવા માટે નાણાં નથી. ટૂંકમાં, ભારતના એક અબજ લોકો ફક્ત ખપ પૂરતું કમાઈ લે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈ સ્થિત 'માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ' કંપની પોર્ટફોલિયો મેનેજમેન્ટ સેવાઓ (સ્જી) અને રોકાણ સલાહકાર સેવાઓ પ્રદાન કરે છે. કંપનીની સ્થાપના વર્ષ ૨૦૧૮ માં થઈ હતી.આંકડાં કહે છે કે ભારતના ફક્ત ૧૩-૧૪ કરોડ લોકો જ મનમરજી પ્રમાણેનો ખર્ચ કરવાની શક્તિ ધરાવે છે. હા, દેશના ૩૦ કરોડ લોકો પોતાની ઈચ્છા મુજબ નાણાં ખર્ચતા થયા છે જરૂર, પણ તેઓ હજુ 'ઉભરતા ઉપભોક્તા' છે અને 'અમુક-તમુક હદ સુધી' જ ખરીદી કરતા થયા છે.

માર્સેલસનો અહેવાલ કહે છે કે, એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા એવા ભારતનો ઉપભોક્તા વર્ગ એટલો ઝડપથી વિસ્તરી નથી રહ્યો. શ્રીમંતોની સંખ્યામાં વધારો નથી થઈ રહ્યો, પણ જેઓ પહેલેથી શ્રીમંત છે તેઓ વધુ ને વધુ સમૃદ્ધ થઈ રહ્યા છે, વધુ ને વધુ મોટા ખર્ચ કરતાં થયા છે.ભારતનો શ્રીમંત નાગરિક વધુ ખર્ચ કરતો હોવાથી દેશનું ગ્રાહક-બજાર 'પ્રીમિયમાઈઝેશન' પામી રહ્યું છે. એટલે કે, બજારમાં એવી મોંઘી બ્રાન્ડનો ખડકલો થઈ રહ્યો છે જે અમીરોને જ પરવડે. મધ્યમ વર્ગને ધ્યાન રાખીને બજાર નથી વિકસી રહ્યું.અદ્યતન અને મોંઘા મકાનો તથા આઈ-ફોન જેવા પ્રીમિયમ મોબાઈલના થઈ રહેલા વેચાણ પરથી સ્પષ્ટ થાય છે કે, બજાર અમીરોના પર્ચેઝિંગ-પાવર(ખરીદશક્તિ)ને ધ્યાનમાં રાખીને વિકસી રહ્યું છે. પાંચ વર્ષ અગાઉ સુધી પોસાય તેવા મકાનોનો હિસ્સો ભારતના બજારમાં ૪૦ % જેટલો હતો, જે હવે ઘટીને માત્ર ૧૮ % રહી ગયો છે. આઈ-ફોન જેવી બ્રાન્ડેડ વસ્તુઓ બજારનો મોટો હિસ્સો કબજે કરી રહી છે. 'કોલ્ડપ્લે' અને 'એડ શીરાન' જેવા આંતરરાષ્ટ્રીય કલાકારોના કોન્સર્ટની મોંઘી ટિકિટો ભારતમાં હોટ કેકની વેચાઈ જાય છે, જે ફક્ત અમીરોને જ પરવડે એવી 'એક્સપીરિયન્સ ઈકોનોમી' (અનુભવ અર્થતંત્ર)નું ઉદાહરણ પૂરું પાડે છે.માર્સેલસના અહેવાલ મુજબ વર્ષ ૧૯૯૦ માં ભારતના ટોચના ૧૦ % અમીરો પાસે રાષ્ટ્રીય આવકનો ૩૪ % હિસ્સો હતો, જે હવે વધીને ૫૭.૭ % થઈ ગયો છે. રાષ્ટ્રીય આવકમાં દેશના ગરીબ નાગરિકોનો હિસ્સો ૨૨.૨ % હતો તે હવે ઘટીને ૧૫ % થઈ ગયો છે. કોવિડ-૧૯ ની મહામારી પછી તો ભારતમાં અમીર-ગરીબ વચ્ચેની ખાઈ વધુ ઊંડી થઈ છે. અમીરો વધુ સમૃદ્ધ થયા છે, ગરીબોએ ખરીદશક્તિ ગુમાવી દીધી છે. તેઓ બસ ખપપૂરતું કમાઈ લે છે, એટલું જ.

માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ દ્વારા સંકલિત ડેટા કહે છે કે, ભારતનો મધ્યમ વર્ગ 'ઉપભોક્તા માંગ' માટેનું મુખ્ય એન્જીન છે. તેની આવકમાં વધારો ન થતો હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. ઈન્કમ ટેક્સ ચૂકવતા અડધોઅડધ લોકોની આવક છેલ્લા એક દાયકામાં સ્થિર થઈ ગઈ છે. ફુગાવાને ધ્યાનમાં લઈને કહીએ તો દસ વર્ષ અગાઉ તેઓ જે કમાતા, આજે પણ એટલું જ કમાય છે, પણ એ આવકની ખરીદશક્તિ અડધી થઈ ગઈ છે. પરિણામે મધ્યમ વર્ગની બચત કરવાની ક્ષમતા છેલ્લા ૫૦ વર્ષની સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. જે કંઈ કમાય છે એ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અને સેવાઓમાં જ ખર્ચાઈ જાય છે, પછી બચત ક્યાંથી થાય? અને કંઈ બચતું જ નથી તો 'વિશેષ પ્રકારની ચીજવસ્તુઓ અને સેવાઓ' પર ખર્ચવાનો પ્રશ્ન જ નથી રહેતો!છેલ્લા થોડા વર્ષોમાં લગભગ પ્રત્યેક ક્ષેત્રમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (છૈં) નો પ્રવેશ થઈ ગયો છે, જેને લીધે શહેરી વિસ્તારોમાં હજારો-લાખો 'વ્હાઈટ-કોલર' નોકરીઓ છીનવાઈ ગઈ છે. છૈં ને લીધે મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ (ઉત્પાદન એકમો)માં સુપરવાઈઝરની નોકરીઓને ગંભીર અસર થઈ છે.

## ફરજ પર ઊંઘતા પકડાયેલા કોન્સ્ટેબલની વહારે હાઈકોર્ટ, કહ્યું - કામ અને જીવન વચ્ચે સંતુલન જરૂરી..

ફરજ પર ઊંઘવાના કારણે સસ્પેન્ડ થયેલા એક કોન્સ્ટેબલને કર્ણાટક હાઈકોર્ટે રાહત આપી દીધી છે. કોર્ટનું કહેવું છે કે ઊંઘ, કામ અને જીવનમાં સંતુલન ખૂબ જરૂરી છે. કર્ણાટક સ્ટેટ ટ્રાન્સપોર્ટના કોન્સ્ટેબલના અમુક વીડિયો વાઈરલ થયા હતાં, જેમાં તે ફરજ પર સૂતો નજર આવી રહ્યો છે. તેણે સસ્પેન્શન વિરુદ્ધ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. અરજી પર જસ્ટિસ એમ. નાગપ્રસન્ન સુનાવણી કરી રહ્યાં હતાં. તેમણે કહ્યું કે જ્યારે કોન્સ્ટેબલને લાંબા સમય સુધી નક્કી કરતાં વધુ કામ કરાવવામાં આવ્યું તો દરમિયાન તેને ઝોકું લેવા માટે દોષિ માની શકાય નહીં. સ્ટાફની અછતના કારણે કોન્સ્ટેબલ ૮ ના બદલે ૧૬ કલાકની શિફ્ટ કરી રહ્યો હતો.



કોર્ટે તેને રાહત આપી છે અને સેવામાં પાછા ફરવા માટે આદેશ આપ્યા છે. સાથે જ સસ્પેન્શનના સમયગાળાની સેલેરી આપવા માટે પણ આદેશ આપ્યા છે.

જસ્ટિસ નાગપ્રસન્ને કહ્યું, 'જો કોઈ વ્યક્તિને તેની ક્ષમતા કરતાં વધુ કામ કરવા માટે કહી દેવામાં આવે તો ઘણી વખત શરીરને ઊંઘની જરૂર પડે છે. કેમ કે આજના સમયે ઊંઘ અને વર્ક લાઈફ બેલેન્સ ખૂબ જરૂરી છે. આજે એક કોન્સ્ટેબલ છે, કાલે કોઈ પણ હોઈ શકે છે. માણસને ઊંઘથી વંચિત રાખવામાં આવશે તો તે ગમે ત્યાં સૂઈ જશે. 'કોર્ટે એ પણ કહ્યું, 'જો અરજીકર્તા ત્યારે ફરજ દરમિયાન સૂઈ જાત જ્યારે તેને એક જ શિફ્ટમાં કામ કરવાનું હોત તો આ ખોટું હોત. આ મામલે અરજીકર્તાને બ્રેક વિના ૬૦ દિવસો સુધી ૨૪ કલાકમાંથી ૧૬ કલાક કામ કરાવવામાં આવ્યુ. કલમ ૨૪ હેઠળ તમામને આરામનો અધિકાર છે, જેમાં કામ કરવાની મર્યાદા અને રજાઓ સામેલ છે. કોર્ટે કોન્સ્ટેબલના સસ્પેન્શનના આદેશને રદ કરી દીધો છે.૩૩ વર્ષના ચંદ્રશેખરને જુલાઈ ૨૦૨૪માં સસ્પેન્ડ કરી દેવાયો હતો. તે એપ્રિલ ૨૦૨૪માં ડ્યૂટી દરમિયાન ઊંઘતો પકડાયો અને તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો હતો. તે બાદ કલ્યાણ કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને તેને સસ્પેન્ડ કરી દીધો હતો. હવે કોન્સ્ટેબલે કોર્ટને જણાવ્યું કે તેને ડબલ શિફ્ટમાં કામ કરાવવામાં આવી રહ્યું હતું, જેના કારણે તે થાકી ગયો હતો.

## ગુપ્ત માહિતી લીક કરવા બદલ મેટાની મોટી કાર્યવાહી, ઝુકરબર્ગે ૨૦ કર્મચારીને કંપનીથી તગેડી મૂક્યા

ફેસબુકની પેરેન્ટ કંપની મેટાએ કંપનીની ગોપનીય જાણકારી લીક કરવાના આરોપમાં આશરે ૨૦ કર્મચારીઓને કાઢી મૂક્યા છે. આ કાર્યવાહી આંતરિક તપાસ બાદ કરવામાં આવી છે, જેમાં એવું સામે આવ્યું કે, અમુક કર્મચારીએ જાહેરાત નથી થઈ તેવા પ્રોજેક્ટ પ્લાન અને ઈન્ટરનલ બેઠકો સાથે જોડાયેલી જાણકારી લીક કરી હતી. મેટાએ લાંબા સમયથી માહિતી લીક થવા મામલે કડક પગલાં લીધા છે અને કર્મચારીને ચેતવણી આપી છે કે, આંતરિક જાણકારી શેર કરવી પછી ભલે તેનો હેતું કંઈપણ હોય તે કંપનીના નિયમોનું ઉલ્લંઘન છે. કંપનીના ઝઈં માર્ક ઝુકરબર્ગ અને ઝ્ર એન્ડ્રયુ બોસવર્થ સહિત અન્ય અધિકારીઓએ માહિતી લીક




થવા મામલે નારાજગી વ્યક્ત કરી છે. બોસવર્થે કહ્યું કે, જાણકારી લીક કરનારને પકડવાની અમારી ક્ષમતામાં સતત વધી રહી છે.'હાલમાં જ અમે તપાસ કરી, ત્યારબાદ આશરે ૨૦ કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા છે. આ કર્મચારીઓએ ગોપનીય જાણકારી કંપનીની બહાર શેર કરી હતી. આવનારા સમયમાં આ વિશે હજુ વધુ કાર્યવાહી કરવામાં આવી શકે છે.'જણાવી દઈએ કે, છેલ્લાં અનેક મહિનામાં મેટાને જાણકારી લીક થવાની ઘટનાનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં ઝઈં માર્ક ઝુકરબર્ગ દ્વારા કરવામાં આવેલી આંતરિક ચર્ચાઓ સાથે જોડાયેલા રિપોર્ટ પણ સામેલ છે. હાલમાં જ થયેલી ઑલ-હેન્ડ્સ મીટિંગમાં ઝુકરબર્ગે કર્મચારીઓનું સંબોધન કર્યું હતું પરંતુ, તેની માહિતી મીડિયામાં લીક થઈ ગઈ. ત્યારબાદ કંપનીએ આ મામલે કડક વલણ લેવાનો નિર્ણય લીધો છે.

નોંધનીય છે કે, મેટાએ હજુ સુધી ખુલાસો નથી કર્યો કે, આરોપી કર્મચારીની ઓળખ કેવી રીતે કરવામાં આવી અથવા તે કયા વિભાગમાં કામ કરતા હતાં. મેટાના ચીફ ટેક્નોલોજી ઓફિસર એન્ડ્રયુએ બોસવર્થે બાદમાં કહ્યું કે, કંપની માહિતી લીક કરનારને પકડવામાં પ્રગતિ કરી રહી છે. રસપ્રદ વાત એ છે કે, તેમનું આ નિવેદન પણ મીડિયામાં લીક થઈ ગયું.આ છટણી એવા ૪ હજાર કર્મચારીઓ સિવાયની છે, જેને આ મહિનાની શરૂઆતમાં 'લૉ પરફોર્મર' જણાવીને કાઢી દેવાયા હતાં. મેટાના ઝઈં માર્ક ઝુકરબર્ગે કહ્યું કે, આવનારૂં વર્ષ ચુનોતીઓથી ભરેલું હશે. કારણ કે, કંપની છૈં માં પોતાના હરીફો સામે સ્પર્ધા કરી રહી છે. આ સિવાય તેમણે એવો પણ સંકેત આપ્યો કે, છટણી કરવામાં આવ્યાં તેવા કર્મચારીઓની જગ્યાએ નવી ભરતી કરવામાં આવશે.

## ગોવામાં ઈડલી અને સાંભારને કારણે વિદેશી પર્યટકો ઘટ્યાં, ભાજપના ધારાસભ્યનું ચોંકાવનારું નિવેદન

જાણીતા બીચ પર ઈડલી સાંભારના વેચાણને કારણે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. આ દાવો ભાજપના ધારાસભ્ય માઈકલ લોબોએ ગુરુવારે કર્યો હતો. ગોવાના કેલાંગુટ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા લોબોએ કહ્યું કે, ગોવાના લોકોએ તેમના બીચ શેક્સ અન્ય રાજયોના



ઉદ્યોગપતિઓને ભાડે આપ્યા છે. બેંગલુરુના કેટલાક લોકો બીચ શેક્સમાં વડાપાઉ પીરસી રહ્યાં છે. તો કેટલાક ઈડલી-સાંભાર વેચી રહ્યાં છે. આ કારણે જ ગોવામાં ઈન્ટરનેશનલ ટુરિઝમમાં ઘટાડો થયો છે. દરિયાકાંઠાના પટ્ટામાં ઉત્તર હોય કે દક્ષિણ વિદેશી પર્યટકોની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો છે.આ માટે ઘણા પરિબળો જવાબદાર છે પરંતુ, હિસ્સેદાર તરીકે દરેક વ્યક્તિએ જવાબદારી લેવી જોઈએ.

## બોર્ડની પરીક્ષા ટાણે શિક્ષણ વિભાગની બેદરકારી, સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં શૌચાલયના દરવાજા જ નથી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયભરમાં ગુરૂવારથી (૨૭મી ફેબ્રુઆરી) ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. આ દરમિયાન અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. સાવરકુંડલાની જે.વી.મોદી હાઈસ્કૂલમાં પરીક્ષા કેન્દ્રમાં શૌચાલયમાં દરવાજા જ નથી. જેના કારણે પરીક્ષા આપવા આવતી વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે. જેને લઈને અહીં તાત્કાલિક ધોરણે શૌચાલયમાં દરવાજા



લગાવવામાં આવે તેવી માગ ઊઠી છે. મળતી માહિતી અનુસાર, સાવરકુંડલામાં નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી મોદી હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨નું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. જ્યાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યાં છે, પરંતુ અહીં પ્રાથમિક સુવિધાનો જ અભાવ જોવા મળે છે. વિદ્યાર્થીઓને શૌચક્રિયા જવા માટે મૂંઝવણ ઊભી થઈ છે. કારણ કે, અહીં શૌચાલય તો છે, પરંતુ તેના દરવાજા જ નથી.

તંત્રી લેખ

# આવક વેરામાં રાહતથી રિટેલ વેચાણ વધવાની શક્યતા

મુંબઈ : વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ભારતના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વૃદ્ધિ જોવા મળી છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (રાય) દ્વારા જારી કરાયેલા ૫૮માં રિટેલ વેપાર સર્વેમાં દેશમાં વિવિધ રિટેલ સેગમેન્ટસના ચાલી રહેલા ટ્રેન્ડસ પર પ્રકાશ પડાયો છે. આવક વેરામાં રાહત અપાતા રિટેલ વેચાણ વધવાની અપેક્ષા રખાઈ રહી છે.

જાન્યુઆરીમાં દેશના પશ્ચિમી વિસ્તારમાં રિટેલ વેચાણમાં સાત ટકા વધારો થયો હતો જ્યારે ઉત્તર તથા દક્ષિણમાં પાંચ ટકા અને પૂર્વમાં ચાર ટકા વૃદ્ધિ જોવા મળી હતી.

રિટેલમાં સૌથી વધુ વેચાણ વૃદ્ધિ ૧૩ ટકા સાથે ખાધ્ય પદાર્થ અને ગ્રોસરીની રહી હતી. કન્ઝયૂમર ડયૂરેબલ્સ અને ક્વીક સર્વિસ રેસ્ટોરેન્ટ બન્નેમાં ૬ ટકા વધારો થયાનું સવે રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.એપરલ તથા ફૂટવેરના વેચાણમાં ચાર ટકા જ્યારે જ્વેલરીમાં ૩ ટકા વધારો નોંધાયો છે. બ્યુટીઅને વેલનેસ પ્રોડકટસના વેચાણમાં બે ટકા જ્યારે ફર્નિચરનું વેચાણ એક ટકા વધ્યુ હતું. આગામી નાણાં વર્ષના બજેટમાં આવક વેરામાં અપાયેલી રાહતથી રિટેલ વેચાણને ટેકો મળી રહેશે એમ રાયના સીઈઓ કુમાર રાજાગોપાલને એક નિવેદન માં જણાવ્યું હતું. ગ્રાહકોની પસંદગીઓ ઘણી જ વ્યાપક બની રહી છે અને બદલાઈ રહેલી પ્રાથમિકતાઓને રિટેલરોએ સ્વીકારી તે પ્રમાણે કામકાજના મોડેલ તૈયાર કરવાના રહેશે, જેથી સ્પર્ધા સામે ટકી શકાય.ગયા વર્ષના ડિસેમ્બરમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વધારો નોંધાયો હતો. યોગ્ય મૂલ્ય સાથેના પ્રોડકટ પાછળ ગ્રાહકો નાણાં ખર્ચ કરવા તૈયાર હોય છે, એમ પણ સર્વેમાં જણાયાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. દરમિયાન દેશમાં સંગઠીત રિટેલ વેચાણ ૨૦૩૦ સુધીમાં ૨૩૦ અબજ ડોલર પર પહોંચવા એક અભ્યાસમાં જણાવાયું છે. ગ્રાહકોના હાથમાં વાપરવા માટે વધુ નાણાં ઉપલબ્ધ બની રહ્યા હોવાનું ધ્યાનમાં રાખી આ ધારણાં આવી પડી છે.

# ૧૨૦૦ ઇઝરાયલીની હત્યા, ૨૫૧ને બંધક બનાવ્યાં, હમાસે કેવી રીતે મચાવી હતી તબાહી, રિપોર્ટમાં ખુલાસો



ઇઝરાયલી સેનાએ ૭ ઓક્ટોબરના હુમલામાં પોતાની નિષ્ફળતાનો સ્વીકાર કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું કે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ, હમાસ ઇઝરાયલના ઈતિહાસમાં સૌથી ઘાતક હુમલો કરવામાં સક્ષમ સાબિત થયું હતું, કારણ કે શક્તિશાળી ઇઝરાયલી સેનાએ આતંકવાદી જૂથની ક્ષમતાઓને ઓછી આંકી હતી અને તેના ઈરાદાઓનો અંદાજો લગાવી શકી ન હતી.

આર્મી ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ હરઝી હલેવીએ કહ્યું કે, 'હું સેનાની નિષ્ફળતાની જવાબદારી લઉં છું.' ગુરુવારે જારી કરાયેલા આ અહેવાલથી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર હુમલા પહેલા રાજકીય નિર્ણયો લીધા હતા કે કેમ તેની તપાસ કરવા દબાણ થઈ શકે છે.

ઘણા ઇઝરાયલીઓ માને છે કે નેતન્યાહૂ હુમલાને રોકવા માટે કાર્યક્ષમ વ્યૂહરચના બનાવવામાં નિષ્ફળ ગયા. વડાપ્રધાને એમ કહીને જવાબદારી લીધી નથી કે તેઓ યુદ્ધ પછી જ મુશ્કેલ પ્રશ્નોના જવાબ આપશે. હુમલામાં માર્યા ગયેલા લગભગ ૧,૨૦૦ લોકોના પરિવારો અને ગાઝામાં બંધક બનેલા ૨૫૧ લોકો સહિત જાહેર દબાણ હોવા છતાં નેતન્યાહૂએ તપાસ પંચ બનાવવાનો વિરોધ કર્યો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ૭ ઓક્ટોબરના રોજ,ઁહ્લ (સૈન્ય) ઇઝરાયલી નાગરિકોની સુરક્ષા માટેના તેના મિશનને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયું હતું. નાગરિકો પૂછે છે કે તે દિવસે આટલા નાગરિકોના મોત થયા ત્યારેઁહ્લ ક્યાં હતું?

એક વરિષ્ઠ સૈન્ય અધિકારીએ જણાવ્યું હતું કે સૈન્યએ સ્વીકાર્યું હતું કે, 'અમને અતિશય આત્મવિશ્વાસ' હતો અને પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથના હુમલા પહેલા હમાસની લશ્કરી ક્ષમતાઓ વિશે ખોટી માન્યતાઓ ધરાવતા હતા. એટલા માટે આવા હુમલાની અપેક્ષા નહોતી. તેમણે વધુમાં કહ્યું કે હમાસના નેતૃત્ત્વમાં પેલેસ્ટિનિયન આતંકવાદીઓએ માત્ર હુમલાના કદ અને સ્કેલના સંદર્ભમાં જ નહીં, પરંતુ તેની ક્રૂરતાના સંદર્ભમાં પણ ઇઝરાયલને આશ્ચર્યચકિત કર્યું.

સૈન્ય તપાસમાં જાણવા મળ્યું કે હમાસ દ્વારા ત્રણ બાજુએથી હુમલો કરાયો હતો. જેમાં ગાઝાથી ૫,૦૦૦ થી વધુ લોકો ઇઝરાયલમાં પ્રવેશ્યા હતા. વધુમાં જણાવવામાં આવ્યું હતું કે પ્રથમ ૧,૦૦૦ થી વધુ નક્બા લડાકૂઓએ ભારે ગોળીબારના કવર હેઠળ ઘૂસણખોરી કરી હતી.જ્યારે બીજા પ્રયાસમાં ૨,૦૦૦ લડાકૂઓ અને ત્રીજી વખત બાકીના હજારો નાગરિકો સાથે સેંકડો લડાકૂઓએ એન્ટ્રી કરી હતી. અહેવાલમાં જણાવાયું છે કે હુમલા દરમિયાન કુલ મળીને લગભગ ૫,૦૦૦ જેટલા લડાકૂઓએ ઇઝરાયલમાં ઘૂસણખોરી કરી હતી.

# જમ્મુ-કાશ્મીરમાં વધુ એક રાજકીય પાર્ટી અસ્તિત્વમાં આવી, આગામી સ્થાનિક ચૂંટણી લડવાનું એલાન કર્યું

જમ્મુ-કાશ્મીરમાં વધુ એક કટ્ટરપંથી રાજકીય દળની રચના થઈ ગઈ છે. તેનું નામ જસ્ટિસ ફોર ડેવલપમેન્ટ ફ્રન્ટ રાખવામાં આવ્યું છે. વિધાનસભા ચૂંટણીમાં જમાત-એ-ઈસ્લામીના સમર્થનથી લડીને ચૂંટણી હારનાર ઉમેદવારોએ મળીને આ રાજકીય દળની રચના કરી છે. આ લોકોનું કહેવું છે કે તે આગામી સ્થાનિક અને પંચાયતની ચૂંટણીમાં ભાગ લેશે. કુલગામના ચવલગામમાં આ રાજકીય દળનો પહેલો કાર્યક્રમ થયો જેમાં હાજર નેતાઓએ જણાવ્યું કે તેમણે ચૂંટણી પંચમાં રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. તેમને સ્કેલનું સિમ્બોલ પણ મળી ગયું છે. આ સિવાય તેમણે ટૂંક સમયમાં જ શ્રીનગરમાં એક મોટો કાર્યક્રમ કરવાની પણ વાત કહી છે. આ રાજકીય દળ જમ્મુ-કાશ્મીરમાં કટ્ટરપંથી તત્વોને રાજકીય પ્રતિનિધિત્વ આપી શકે છે. આ પહેલા રાશિદ એન્જિનિયર જેવા કટ્ટરપંથી નેતાને લોકસભા ચૂંટણીમાં જીત મળી ચૂકી છે.પાર્ટીથી જોડાયેલા લોકોનું કહેવું છે કે અમે પંચાયત ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. કાર્યક્રમને સંબોધિત કરતાં તેમનું કહેવું હતું કે અમે નક્કર પરિવર્તન ઈચ્છીએ છીએ જે લાંબા સમય સુધી રહે. આ માટે અમે રાજકીય દળ બનાવીને જમીની સ્તરે કામ કરવાનો પ્રયત્ન કરીશું. અમે તે ક્રાંતિ કરીશું, જે સ્થાયી રહે. ઉતાવળમાં ઉઠાવવામાં આવેલા પગલાથી આવેલા પરિવર્તન પણ ઝડપથી જ પૂરા થઈ જાય છે.

જમ્મુ-કાશ્મીરમાં જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ છે. તેના સમર્થનવાળા અમુક ઉમેદવારોએ અપક્ષ જ ચૂંટણી લડી હતી પરંતુ હારી ગયા હતાં. હવે આ લોકોએ પોતાનો અલગ રાજકીય દળ બનાવવાનો નિર્ણય લીધો છે. હવે આ લોકોનું કહેવું છે કે જમાત-એ-ઈસ્લામીનું અમને સમર્થન છે, પરંતુ અપક્ષ ચૂંટણી જીતવી મુશ્કેલ હોય છે. આવી સ્થિતિમાં હવે અમે લોકો નવું દળ જ બનાવી રહ્યાં છીએ. ૨૦૧૯ બાદથી જ જમાત-એ-ઈસ્લામી પર સરકારનો કબ્જો છે.છેલ્લા અમુક વર્ષોમાં જમાતની કરોડો રૂપિયાની સંપત્તિને સીઝ કરવામાં આવી છે. આ સિવાય તેના કટ્ટરપંથી વિચારક કહેવાતાં સૈયદ અબ્દુલ અલા મૌદૂદીની લખેલા પુસ્તકોને પણ જપ્ત કરવામાં આવી છે. હવે તેની સાથે જોડાયેલા લોકો જ અલગ રસ્તો શોધી રહ્યાં છે. દરમિયાન નવા રાજકીય દળમાં કટ્ટરપંથી વિચારધારા વાળા લોકોનો એક જમાવડો હોઈ શકે છે.

# બખડજંતરના બાબુલાલે બમ્પર ટુ બમ્પર બોનસ આપ્યું ?

'ગિરધરલાલ, સાતેય કામ પડતા મુકીને આવો.' રાજુએ લાકડિયા તાર જેવી ટેલિફોનિક સૂચના આપી.

'રાજુ, મારે કયાં આવવાનું છે?' મેં ગભરાટમાં પૂછયું. મને એમ કે રાજુ રદીની એમ્પાલા સાઇકલને અકસ્માત થયો હશે કે શું? રાજુ મને સંકટ સમયની સાંકળ ગણીને ગમે ત્યારે ખેંચ્યા કરે છે. એટલે રાજુએ મને ફોન કર્યો હશે. રાજુને અકસ્માત થાય તો મારો જીવ ઉંચોનીચો થઇ જાય એ સ્વાભાવિક કહેવાય. 'કડવો હોય લીમડો, શિતળ એની છાંય;બંધુ હોય અબોલડો, તોયે પોતાની બાંય.'એવું અમસ્તું થોડું કહેવાયુ હશે?

'ગિરધરલાલ, તમે બખડજંતર ચેનલની ઓફિસે આવી જાવ.' રાજુએ મને પાછી સૂચના આપી.

'રાજુ, શું થયું છે એ તો મને કહે. ઓફિસમાં આગબાગ લાગી છે? ઇડીની રેડ પડી છે? આવકવેરાના દરોડા પડયા છે? કોઇએ બાબુલાલનું માથું ફોડી નાંખ્યું છે?' મેં ફોન પર સવાલોનો ધોધમાર વરસાદ વરસાવ્યો.

'ગિરધરલાલ ગજબ થઇ ગયો.' રાજુ રદીએ ફોન પર એટલું જ કહ્યું.હું કાંઇ વધુ પૂછું તે પહેલાં ફોન કટ થઇ ગયો. મેં રાજુને ફરીથી ફોન કોલ કર્યો. 'આપને જિસ નંબર કો કોલ કિયા હૈ યેહ નંબર સ્થાયી રૂપસે અસ્તિત્વમેં નહીં હૈ.' એવો રેકોર્ડેડ મેસેજ વાગવા માંડ્યો.હું તર્કવિતર્ક કુતર્ક કરતો અમારી ઓફિસે પહોંચ્યો.

'ગિરધરલાલ, બે માથાળા બોસ બાબુલાલે નવો ફિતૂર કર્યો છે.' રાજુએ મને માહિતી આપી. રાજુનું તાળા જેવું મોં ખુલ્લુંને ખુલ્લું રહી ગયેલ. મુખના કુંભમાંથી લાળમહાસાગર અસ્ખલિત અને અવિરત ઘૂઘવતો હતો.

આ દુનિયામાં કામ કરતા કર્મચારીના મોઢા આગળ ગાજર લબડાવવું પડે છે. ગાજર એટલે સૂક્ષ્મ અને સ્થૂળ અર્થમાં રિયલ ગાજર હોવું જરૂરી નથી. એ ગાજર પગાર વધારો, ઇજારો, બઢતી, સ્પેશિયલ એલાઉન્સ કે અન્ય પર્કસ સ્વરૂપે હોઇ શકે. ( અલબત, ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવા,અંતે તો ગાજરનું ગાજર હોય એમ નરસિંહ મહેતા કહી ગયા છે.)તકલીફ એ છે કે બધાને બઢતી આપી શકાતી નથી. બધા પગાર વધારો મેળવવા લાયક હોતા નથી.

આજકાલ કંપની કામ કરનારને દિવાળી કે નાતાલ અથવા નાણાકીય વરસના અંતે બોનસ આપે છે. ઘણી કંપની બોનસ તરીકે એક પગાર કે લમસમ રકમ આપે છે. જે કંપનીના શેર આસમાને પહોંચ્યા એવી કંપની બોનસ તરીકે સ્ટોક એટલે કે શેર આપે છે. ટ્રાવેલ વાઉચર, ફૂડ વાઉચર આપે છે. સુરતના શેઠિયા તો કામ કરનારા પર મઘા નક્ષત્રની જેમ ધોધમાર વરસી જાય છે. કારીગરને દસ વીસ હજાર રૂપિયા આપવાથી એમનું દળદર કે હળદર કેવી રીતે ફીટે? દરેક માણસ તેના પર ખુદની છત હોય તેવું સ્વપ્ન ઈંડાની માફક સેવતો હોય. સુરતી શેઠિયા કારીગરોને આરામપ્રદ અને સંપૂર્ણ સુવિધાયુકત ફ્લેટ બોનસ તરીકે આપેલ. કારીગરને કાર પણ આપેલ . કેમ કે ,સંતોષાયેલો-ધરાયેલો કર્મચારી કંપની માટે મિલકત છે તેવું બિઝનેસ મેનેજમેન્ટના નિષ્ણાંતો માને છે. તાઇવાનની એક કંપનીએ તેના કર્મચારીને પચાસ મહિનાનો અધધધધ કહી શકાય તેટલો પગાર બોનસ તરીકે આપેલો આ તો સારી કંપની અને સારા કર્મચારીની વાતો છે.અમારી બખડજંતર ચેનલના માલિક બાબુલાલ પગાર આપવામાં અખાડા કરતા હોય. મોંઘવારી આપવામાં વડચકા ભરતા હોય, મેડીકલ આપવામાં મોતિયા મરી જતા હોય. ચાના કપમાં માખી પડે તો ચા ગટરમાં ઢોળવાના બદલે માખી એ પણ ચાના કપમાં આંગળીથી મસળીને નિચોવીને ચા ગડગડાવી જતા હોય તો બાબુલાલ જેવા મખ્ખીચૂસ માણસ પાસેથી બોનસ માંગવું એ સ્મશાનેથી મૃતદેહ પાછો લાવવા જેવી વિરલ ઘટના કહેવાય. જો કે, બખડજંતર ચેનલની વીસમી વરસગાંઠે બાબુલાલે સાડા દસ રૂપિયાનું બોનસ આપવાની ભવ્ય ઉદારતા દાખવેલી જેવી ઈતિહાસ પણ નોંધ લેતા તૈયાર કે તત્પર નથી.

હમણા ચીનની એક કંપનીના ભેજાગેપ માલિકે સનસની મચાવી દીધી. હેનાન માઉનિંગ કંપની હેનાન પ્રાંતમાં કાર્યરત છે. જેની સ્થાપના ૧૯૫૬ માં થયેલી. આ કંપની ક્રેઈન બનાવે છે. ચીનના નવા વરસની ઉજવણી નિમિત્તે કર્મચારીને લૂંટાલૂંટ બોનસ આપ્યું .તમને થશે કે આ કેવું હરકિસન મહેતાની પીળા રૂમાલની ગાંઠ નવલકથા જેવું કેવું બોનસ ? કંપનીએ ગત ૨૫ મી જાન્યુઆરીએ ખાસમખાસ બોનસની વહેંચણી કરી હતી.હેનાન માઈનિંગ કંપનીએ લગભગ ૭૦ મીટર લાંબા ટેબલ પર ૧૧ મિલિયન સિંગાપોર ડોલર (લગભગ ૭૦ કરોડ રૂપિયાથી વધુ) ફેલાવી દીધા ફેલાવી દીધા અને તેના કર્મચારીઓને એક ટાઇમલાઇન આપી હતી. કંપની દ્વારા કહેવામાં આવ્યું હતું કે તમારી પાસે ૧૫ મિનિટનો સમય છે, આ સમયગાળામાં તમે જેટલા નાણા ગણી શકો તેટલા નાણી ઘરે લઈ જઇ શકશો . આ માટે કંપનીએ ૩૦-૩૦ કર્મચારીઓની ટીમો બનાવી હતી અને દરેકને વારાફરતી તક આપી હતી.એક કર્મચારીએ ફાળવેલ સમયમાં ૧૦૦,૦૦૦ યુઆન (લગભગ ૧૨.૦૭ લાખ રૂપિયા) ઘરભેગા કરેલ હતા. હેનાન માઈનિંગ ક્રેન કંપનીએ ૨૦૨૩ ના વરસમાં ૮૬,૦૦,૦૦,૦૦૦ રૂપિયા (સિંગાપોરના ૧૪ મિલિયન ડોલરનું બોનસ આપ્યું હતું.આ સમાચાર વાંચીને બાબુલાલની ડાગળી ખસી ગઇ છે. બાબુલાલની માર્કેટમાં મખ્ખીચૂસ માનવી તરીકેની છાપ છે. ચમડી તૂટે પણ દમડી ન છૂટે એવી છાપ છે.શહેનશાહ અકબરની બુંદ કી બિગડી હોજ સે સુધારવાની સ્કિમ અમલમા મુકી. બાબુલાલ પાંચસો, બસો, સો રૂપિયાની સાચી તો ઠીક પણ ખોટી નોટ પાથરવાની ત્રેવડ નથી. બાબુલાલે એક બાય એકના ટેબલ પર એક રૂપિયા , બે રૂપિયા, પાંચ રૂપિયા , દસ-વીસ રૂપિયાના સિક્કાનો ઢગલો કરી સો ગ્રામના સિક્કા લઇ જવા મને ,રાજુ રદી, ગણપત ગાંગડા, ચંદુ ચૌદસ, લોભશંકરને હાકલ કરી. અમે બાબુલાલના પરચૂરણ હોવાના સિક્કા લેવા પુષ્પા- ૨ કે એનિમલ ફિલ્મના કેરેકટરની જેમ ખરાબતમ લડવામાં હોસ્પિટલના બેડ પર પગ ઉંચા ટીગાડી કણસી રહ્યા છીએ. અતિ કે અલ્પ લોભ એ પાપનું મૂળ છે એ અમને સમજાઇ ગયું છે.

ભરત વૈષ્ણવ

# એટીએમ નહીં દેખા કયાં દેખા? કુછ પલ ગુજારો એટીએમ મેં હાંય!

લેખનું ટાઇટલ, હેડીંગ ,મથાળું, શીર્ષક વાંચીને તમે વ્હોટ રબ્બીશ? નોન સેન્સ! મિનિંગલેસ. ડેમ ઇટ! જેવું બબડશો. એટીએમ કંઇ ફરવાનું ડેસિટિન્શન છે? માય ફૂટ. તમે મારી ડાગળી ચસકી ગઇ તેવું અનુમાન કરશો. ઇઝન્ટ ઇટ?? મારું માનસિક સ્વાસ્થ્ય અને માનસિક સમતુલન કવિ ન્હાનાલાની ડોલન કાવ્ય શૈલીની માફક અમસતોલ થયેલ છે તેવી આશંકા વ્યક્ત કરશો.તમને મારા કથનમાં ગિફટ સિટીમાં તાજેતરમાં ડાઇન અને વાઇનની સ્પેશિયલ છૂટની અસર કે તેનો હેંગઓવર લાગશે! હું કેફીઅવસ્થામાં બેભાનાવસ્થામા હોઈશ તેવું પણ લાગશે. હું સોનાચાંદી કે તાંબાના પતરે હું સંપૂર્ણ હોશહવાસમાં અને સભાનાવસ્થામાં હોવાની કેફિયત સાથે પુનઃ એટીએમની સફર કરવા માટે બાકાયદા આમંત્રણ, નિમંત્રણ, ઇજન અને આહ્વાન આપું છું ઇન્કાર મત કરના. ઇકરાર કરના!

માણસ મોનોટોનસ જીંદગીથી સખત કંટાળે છે. ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસની બેટરી ડિસચાર્જ થાય છે. જિંદગીમાં જોમ, જુસ્સો અને જોશ ભરવા માટે હિમાચ્છાદિત ધવલ ગિરિશિખરો, વિપુલ વનરાજી, ધોધ, સેન્કચ્યુઅરી, મંદિર, હવાખાવાના મથકો, બિલોરી કાચ જેવા સ્ફટિક શા જળપ્રવાહ ધરાવતા બીચમાં પહોંચી જાય છે. ફેંફસામાં તાજી હવા ભરે છે, વિસ્ફારિત નયને વનરાજી નિહાળી રાજીના રેડ થાય છે. બોલ બીચમાં પગ પખાળી અવર્ણનીય અહેસાન અનુભવે છે. રાત્રીના સમયે આકાશગંગા, તારાઓને આગોશમાં લઇને ટેન્શનહીન નિંદ્રારાણીનૈ પાલવમાં માથું મુકી કુંભકર્ણની જેમ પ્રસંબ નિંદ્રાધીન બને છે. માણસ આવી રીતે બેટરી ચાર્જ કરી બમણા વેગ અને ગતિથી જીવનના જંગને જીતવા તૈયાર થાય છે!

પ્રવાસ કરવા માટે માણસ એકથી વધુ વિકલ્પો તલાસે છે અને તરાસે છે.તમે યુરોપ અમેરિકા, ઉતર દક્ષિણ ધ્રુવના પ્રવાસે જશો. તમને એડવેનંચરનો શોખ હશે તો માઇન્ટ એવરેસ્ટનું શિખર બે હાથ ફેલાવી તમારું સ્વાગત કરવા તલપાપડ હશે. શોખીન જીવડા બેંગકોક ,પતાયા, થાઇલેન્ડની નાઇટ લાઇફ એન્જોય કરશે! શરાબજીવી હશે તે માઉન્ટ આબું, દીવ, દમણની વાંચ પકડશે. જોનાથને ગુલિવર સ્ટોરી લખેલ. જેમાં ગુલિવર વેંતિયાના દેશનો પ્રવાસ કરે છે. ભારત દેશની વિદેશી હૂંડિયામણની અણઘડ નીતિના વિરોધમાં ૧૯૬૭ માં એરાઇન્ડ વર્લ્ડ નામનું પિકચર બનાવેલ. જેનું ગીત એરાઉન્ડ ધી વર્લ્ડ ઇન એઇટ ડોલર્સ પ્રખ્યાત બનેલ. જો કે દુનિયા કા મેલા, મૈં હૂ અકેલા' જેવા મુકેશના કંઠે ગવાયેલાં ગીતો લોકપ્રિય નીવડ્યાં હતાં.

આપણે ત્યાં ટુરિસ્ટ ડેસ્ટિનેશનની સંકલ્પનાઓ દરિયાના પાણીના પ્રવાહોની જેમ બદલતી રહી છે. આમ, તો ડીસેન્બર મહિનો દેશી ધોળિયા ,ના સમજ્યા , એનઆરઆઇ રૂપી યાયાવર પક્ષીઓનો ઇન્ડિયા આવવાનો પ્રવાસોતમ માસ છે. દેશી ધોળિયા લગ્નો કરવા, લગ્ન એટેન્ડ કરવા અને ની રિપ્લેસમેન્ટ, બાય પાસ વગેરે પ્રકારની સસ્તી સર્જરી કરાવે છે. વિદેશી ધોળિયા પણ નિહાયત કિફાયતી મેડીકલ સર્જરી ઇન્ડિયા પધારે છે. આમ, મેડીકલ ટુરિઝમનો અનાયાસે આવિષ્કાર થયો. એનઆરઆઇ વિદેશના ટ્રાફિક,સિવિલ સેન્સ, સુવિધાની ટનબંધ વિગતો પૂરી પાડે છે. પરંતુ, મેડીકલ ઇન્ફ્રાસ્ટ્રકચર , મેડીકલ કોલેજો, દવાખાના વિશે કદી બઢીચઢીને વાત કરતા નથી. કેમ કે, મેડીકલી લોચા છે! તાવ કે શરદી જેવા ક્ષુલ્લક રોગનું નિદાન કરાવવા ડોકટરની એપોઇન્ટમેન્ટ મળતી નથી ત્રણ-ચાર માસનું વેઇટીંગ હોય છે! બ્લ્ડ, યુરીન, ઇકો ટેસ્ટ માટે ટિંકચર જેવા ડોલર ખર્ચવા પડે છે!

હું તમને મને-કમને એટીએમની સફર કરવાની દુષ્પ્રેરણા આપી રહ્યો છું . એટીએમની ઉપયોગ કરનારને પણ એટીએમ કંઇ સાલમાં ફંકશનલ થયેલ તેની સામાન્ય જાણકારી નહીં હોય! એટીએમ એ બેંકિંગ-વ્યવહાર માટેનું એક ઉપકરણ છે, જેને વિશ્વમાં ઓટોમેટિક બેંકિંગ મશીન, કેશ પોઈન્ટ, હોલ ઇન ધ વોલ, બેંન્કોગ્રાફ અને ઓટોમેટિક કેસ ડિસ્પેન્સિંગ' મશીન વગેરે નામોથી પણ ઓળખવામાં આવે છે.૧૯૧૦ ના સમયમાં બેંકોગ્રાફ તરીકે પણ જાણીતું હતું. છ્સ્નો સૌ પ્રથમ ઉપયોગ ૧૯૬૨માં સિટી બેન્ક ઓફ ન્યૂયોર્કે પોતાના ગ્રાહકો માટે કર્યો હતો. જોકે, ત્યારે લોકોને છ્સ્પસંદ આવ્યું નહોતું. આ કારણે છ મહિના બાદ તેને હટાવી દેવામાં આવ્યુ હતું. ત્યારબાદ ટોક્યો,જાપાનમાં ૧૯૬૬માં છ્સ્નો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો. યુરોપમાં સૌ પ્રથમ લંડનમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. છ્સ્મશીનના શોધનો શ્રેય જૉન શેફર્ડ બેરનને જાય છે.શેફર્ડ મેઘાલયના શિલોંગ ખાતે જન્મેલ હતા.

એક વાર બેરોન બેંકમાંથી પૈસા ઉપાડવા માટે ગયા. કોઈ કારણસર તેમને બેંક પહોંચવામાં મોડું થયું અને બેંક બંધ થઇ ગઇ. એટલે તેમને ખાલી હાથે પાછા ફરવું પડ્યું. એ વખતે જ તેમને થયું કે પોતાની જેમ બીજા કેટલાંય લોકો આ પ્રકારની મુશ્કેલીનો ભોગ બનતા હશે! એ સમયે બેરોનને ચોકલેટ વેન્ડિંગ મશીનની જેમ એટીએમ મશીનનો વિચાર આવ્યો. એટીએમ સાથે જ જોડાયેલી બેરોનની એક રસપ્રદ વાત પણ અહી ટાંકવા જેવી છે. એટીએમ મશીનમાં પાસવર્ડ નાખવાથી પૈસા ઉપાડી શકાય એ તો આપણે સૌ જાણીએ છીએ. આ પાસવર્ડની સંખ્યા પહેલાં છ આંકડાની હતી. એક દિવસ બેરોને તેમની પત્નીની જ કસોટી લીધી. ત્યારે તેમની પત્નીને ફક્ત ચાર અંક જ યાદ હતા. એ વખતથી એટીએમનો પાસવર્ડ ચાર આંકડાનો કરવામાં આવ્યો.એટીએમની શરૂઆતના સમયે જુગારી અને વેશ્યાઓએ તેનો મહતમ ઉપયોગ કરેલ ઓ પણ વિચિત્ર બાબત છે!

તમે એટીએમની ઉપયોગ પૈસા ઉપાડવા, પૈસા જમા કરાવવા, ખાતાની સિલક જાણવા ,પાસવર્ડ ચેઇન્જ કરવા,નવા ડેબિટ કે ક્રેડિટ કાર્ડનો પાસવર્ડ જનરેટ કરવા કેવાયસી ડોકિયુમેન્ટ અપલોડ કરવા કરતા હશો! એટીએમના ટચૂકડા સ્ક્રિન પર જાહેરાતની ભરમાર જોવા મળે છે!

આટલી ટૂંકી પ્રસ્તાવના અને વિગતો સાથે આપણી એટીએમ યાત્રા કે સફર શરૂ કરીએ છીએ . બોલો, એટીએમ માત કી જય હો!

એટીએમ મશીનો શોપિંગ મોલ , પેટ્રોલ પંપ, રહેણાકની જગ્યાએ સરકારી કચેરીના સંકુલમાં ઇનસ્ટોલ કરવામાં આવે છે. થોડા સમય પહેલાં એટીએમ કાર્ડ મશીનમાં નાંખીએ કે પાણીના કાંકરો નાંખીએ અને ડબક અવાજ આવે અને કાંકરો પાણીમાં ગરકાવ થઇ જતો. આ જ પધ્ધતિએ કાર્ડ મશીનમાં જતુ રહેતું અને ટ્રાન્જેકશન પૂરું થયેથી કાર્ડ એટીએમ મુખમાંથી પુનઃ પ્રગટ થતું હતું! જેમાં એકટર ફરદીનખાન કોકેન જેવી જીવનાશ્યક જણસી ખરીદ કરવા જતા કાનૂનના લફડામાં પડેલ હતો!

એટીએમ જ્યાં ઇનસ્ટોલ કરેલ હોય તે રૂમ કે એરંડીનો કાચનો દરવાજો લગાડેલ હોય. જેને પુલ કે પુશ કરીને અંદર જવાનું હોય. કસ્ટથી મરતા કસ્ટમરને દરવાજો પુલ કે પુશ કરવાની વૈતરણીમા પડવું ન પડે તે માટે દરવાજો અધખુલ્લો રાખવામાં આવેલ હોય. આને કહેવાય કસ્ટમર કેર, જે હોય છે રેરેસ્ટ રેર!એટીએમ રૂમ કે જગ્યાના દરવાજે વેલકમ લખેલું પગલૂંછણિયું હોય. અંદર એન્ટ્રી કરતા કસ્ટમરને બદલે અંદરથી બહાર જતા કસ્ટમરને વેલકમ કહેવાનો ઉત્સાહ હોય છે. મતલબ કે પગલૂંછણિયું ઊંધું મુકાયું હોય છે! એનો અર્થ એવો કે આવો તો વેલકમ અને જાવ તો ભીડ કમ!

એટીએમમાં પથ્થરની શી જરૂર હોય એ આજદિન સુધી મને સમજાયું નથી. અંદર બે કે ત્રણ પેવર બિલોર મૂકેલા હોય. કદાચ એટીએમમાંથી પૈસા ન નીકળે તો પેવર બ્લોકથી માથું ફોડવા કે એટીએમ મશીન તોડવા મુકેલ છે તે અંગે ગૂંચવાડો છે. શક્ય હોય તો પેવર બ્લોકના ઉપયોગ અંગે સ્પષ્ટ સૂચનાઓ જારી કરવાની ઓથોરિટીન કડક આજ્ઞા છે. એટીએમની સફાઈ રોજેરોજ કરવાનો ખર્ચ ચોપડે ચવાઈ જતો હશે. સોને પેટ અને ભૂખ હોય..ખાના કહી મના હૈ? રામકા ખેત હૈ. પેટ ભરકે ખાઓ!અલ્પવસ્ત્રોમાં જેમ સંસ્કારી હીરોઇન ફિલ્મમાં પ્રસ્તુત કરવામાં આવે તેમ એટીએમની અંદર સાવરણીનું ઠુઠિયુ પણ ન કહી શકાય તેવી આદમકદની બોનસાઇ સાવરણી હોય. તેનાથી દિવાસો, ફરસ સાફ થાય કે ઘસાય એ નક્કી કરવું મુશ્કેલ નહી નામુમકિન હૈં!

એટીએમના દરવાજાનો કાચ તો કદાચ પગ મને ધોવા દો રઘુરાય ફેઈમ કેવટે સાફ કર્યો હશે.કેમ કે, સતયુગ, ત્રેતાયુગ અને કલિયુગના ઘબ્બા. ડાઘા , ઓઘરી દ્રશ્યમાન હોય છે. કયા યુગના ડાઘા છે તે માટે કવિઝ રાખો તો કોઇ કન્ટેસ્ન્ટન્ટને ઇનામ ન મળે!

એટીએમના ખૂણે ખૂણા અને દિવાસો પર ધૂળ અને જાળાનું એકચક્રી સામ્રાજ્ય હોય! સ્વચ્છતા સુંદરી વિધવા બની હોય એવી સ્થિતિ હોય.એટીએમ મશીન કે ફરસ પર આંગળીની કલમથી તમારો જે લખવું હોય એ લખી શકો. એટીએમમા એક કે બે એસી લગાડેલ હોય. જે એસીની ખરીદીનું બિલ ચુકવાયા પછી ક્યારે ફંકશનલ હતા તે યક્ષ પ્રશ્ન ! એસી પણ સરકારી બાબુ જેવો દેખાવ કરે. કર્મચારી ગમે ત્યાં ગમનનિર્ગમન કરતો હોય પણ ટેબલ પર ફાઈલ ખુલ્લી રાખેલ હોય પેન પણ ઢાંકણ ખોલેલ હોય. ફાઈલ પર ચશ્મા મુકેલ હોય.ટેબલ નીચે ચપ્પલ પણ હોય. એમના વિશે પૂછો કે જવાબ મળે પંડયાભાઇ આસપાસ હશે. માનો કે પંડયાભાઇ ચોમાસું હોય અને કવિતાની જેમ આસપાસ હોય! એટીએમના એસીનું ઉલેર ખુલ્લું હોય. તેનો ઓરિજનલ કલર બરફ જેવો વ્હાઇટ હોય પણ વગર વપરાશે પડ્યું પડ્યું બટેટિયુ વ્હાઇટ કે ડેઝર્ટ વ્હાઇટ હોય. કેન્વાસ અને કલરની જુગલબંધી વિના ચિત્રકલા અધૂરી ગણાય તેમ એસી અને કરોળિયાનું જુગલબંધી ગુલામઅલી અને તબલચીની જુગલબંધી જેવી મજબૂત હોય!

એટીએમની કચરા ટોપલી કે ડસ્ટબિન શેરબજારની તેજીની માફક ફાટફાટ થતી હોય! એટીએમનું પણ તિકડમ અવનવું હોય છે. તમારા સકસેલફૂલ ટ્રાન્જકશનની પેપર સ્લિપ પ્રિન્ટ થઈને ન નીકળે . અપિતું, ટ્રાન્જેકશન ડિનાઇડની થોકબંધ પેપર સ્લિપ પ્રિન્ટ થઇ નીકળે!એવુ ન હોંય કે પ્રિન્ટ માટે પેપર રોલ ન હોય! પેપર રોલ તો નીચે ટાઇલ્સ પર લિટરરી ધૂળ ખાતા હોય છે!

હાલમાં એટીએમની સફર પાતળા ઝરણા જેવી છે. સરકાર તેના બાબુઓને દર ચાર વરસે એલટીસી આપે છે. એલટીસી માટે દસ દિવસની હક્ક રજાનું રોકડ રૂપાંતર આપે છે. આ ડબલ બોનાનેઝા મેળવવા લોકો મહુડી, અંબાજી જઇ આવે છે. એલટીસીના લિસ્ટમાં એટીએમની સફર ઉમેરી દેવાની જરૂર છે. પછી બોસસસ જુઓ કે મોસમની માફક એટીએ ટુરિસ્ટની ભીડથી છલકે કે મલકે છે કે નહીં? એટીએમ નહીં દેખા તો કુથ ભી નહીં દેખા? કુછ પલ તો ગુજારો એટીએમ મેં હાંય!

ભરત વૈષ્ણવ

**ન્યૂઝ ઓફ ગાંધીનગર.**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG.ss No. 213**
વિષય :-'અંતરનાદ'શીર્ષક :- 'આજ્ઞાતો દે'
પ્રકાર :- પદ્ય- ગઝલ (શબ્દો :- ૧૦૩)

હું બહાર ફરતો રહું, અંદર આવવાની આજ્ઞાતો દે,
બહારનું જગત બહુ જોયું, અંતરનાદ સંભળાવીતો દે.

ખુદના કર્મોમાં રાચતો રહું, લીલા માણવા મોકોતો દે,
વૈખરીથી વાતો ઘણી કરી, પરા વાણી સંભળાવીતો દે.

હું તારૂંજ પ્રતિબિંબ છું, અંશ અંશીનો ભેદ ક્યાં સુધી ?
આ સાગરમાં હલેસાં મારું છું, મંજિલના એંધાણતો દે.

તોફાની સાગર, પવનનો સુસવાટ, ડોલતી નાવડી,
તારા નામનો ચડાવ્યો મેં સઢ, સાનુકુળ પવનતો દે.

એમજ અમને રેઢા મુકી, કયાં તું છુપાઈ ને રહીશ ?
આ તમસનો તોતિંગ દરવાજો, સાંકળ ઉઘાડીતો દે.

સાંભળ્યું છે તું રમણ રેતીમાં, રમ્યા કરતો ગૌપાલ છે,
'સ્વજન' નહીં માને એ વાતને, પ્રેમથી માનવીતો દે.
યોગેશભાઈ પંડયા 'સ્વજન' જુનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 193**
વિષય - અંતરનાદ
શીર્ષક - અંતરની સંવેદના
પ્રકાર - પદ્ય. શબ્દો -૬૬

પૂછે છે મને, રોજ રોજ નવું શું હું લખીશ..
જાણી લે,અંતરની સંવેદના આમ જ હું વહાવીશ..

લખવાની સફરમાં વિચારોનું ભાતું હું ભરીશ..
મનગમતું લખી દિલનાં દ્વાર હું ખોલીશ..

કલ્પનાની નવી નવી વાનગી હું પીરસીશ..
સૌના પ્રતિભાવમાં ખુશીથી હું મલકાઈશ..

શબ્દોના સહવાસમાં પળ મારી હું ઉજવીશ..
ખુદને માણીશ, રોજ નવું જો હું લખીશ..

કલમના સહારે જગમાં ફરતી હું રહીશ..
જાણી લે, ઓળખ મારી આમ જ હું બનાવીશ..
છાયા શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- અંતરનાદ
શીર્ષક :- સનાતન અંતરનાદ
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૧૦૯

સંગીત સાધના નાદ બ્રહ્મ પ્રગટાવે છે અંતરનાદ,
સાહિત્ય સાધના દર્શન, સત્યમ, શિવમ, સુન્દરમ્ છે અંતરનાદ.

ધન્ય ગૃહસ્થાશ્રમ ધર્મે, સ્નેહ, સેવા, સમર્પણ છે અંતરનાદ; સનાતનનો શાશ્વત, અદ્વૈત, અખંડ નાદ છે અંતરનાદ.

સમી સાંજે, ઝાલર ટાણે, આરતી દીપે પ્રગટે છે અંતરનાદ;
સત્તા, અહમ, છૂટે તો પ્રગટે છે એ અંતરનાદ.

જે પામી ગયા પછી તો એને આઠે પહોર છે અંતરનાદ,
શબ્દબ્રહ્મ, નાદબ્રહ્મ, અહં બ્રહ્માસ્મી આનંદ છે અંતરનાદ.

ગુરુદેવ કૃપાએ, સત્સંગે પ્રગટ્યો છે એ અંતરનાદ;
લખચોરાશીએ માનવ દેહે વીજ ચમકારે મોતી છે અંતરનાદ.

અખિલ બ્રહ્માંડે એક શ્રી હરિનો બંસીનાદ અંતરનાદ,
દેવેશ્વર, યોગેશ્વર, રસેશ્વર રચી રાસ અર્પે છે અંતરનાદ.

દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : અંતરનાદ
શીર્ષક : મારા મનનો અંતરનાદ
પ્રકાર : પદ્ય, શબ્દ : ૯૭

" જીવનની સફર છે મેં કાપી, મનના અંતરનાદ થકી,
અંતઃસ્ફૂરણાને સંગ લાગે છે મને,સાચી રાહને છું પામી.

કાર્યશીલ બની,અભ્યાસની કેડી ઉદ્યમથી મેં કંડારી,
કર્મઠ બની,મેળવેલા જ્ઞાન અને પદવીની,ગરિમા છે જાળવી.

હૈયે બેઠેલા ઈશ્વરની હાજરીને મેં, પ્રેમથી ગણકારી,
જ્ઞાનરૂપી મારામાંનું શ્રેષ્ઠ નીચોવી, સફળતાને છે મેં ચાખી .

જે તે ક્ષેત્રમાં મળેલ તકને, ઉમદા કાર્યથી ઉત્તીર્ણ બની દીપાવી,
હંમેશા સૌનું સારું જ કરવું,એ ભાવના મારામાં એણે જગાવી.

ઉઠતા અંતરનાદને પૂર્ણ સ્વીકારી, જીવું છું હું એ વાત છે સાચી,
એ જ નાદમાં મળે છે મને, 'ઈશ્વરનો સાથ,'તેથી મળે છે મને ખ્યાતિ. "

નામ :ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:383**
વિષયઃ અંતરનાદ શીર્ષકઃ ઓમકાર
પ્રકારઃ (અછાંદસ) પદ્ય શબ્દોઃ૫૪

સંગીતની ધૂન બની અંતરમાં ગુંજે,
વહેતો પ્રવાહ એક નાદ થઈ ગુંજે..

શૂન્યમાં સ્પંદન થકી સર્વે વ્યાપિત તું,
લાગણીઓમાં ભળી રોમેરોમમાં ગુંજે..

પદાર્થે પદાર્થે પરમ તત્વમાં સ્થાપિત તું,
ઊર્મિમાં ઉછળતા દરેક સ્પંદનોમાં ગુંજે..

મૌન એકાકારની અનુભૂતિ અદભુત,
નિરંતર પ્રાણ રૂપે શ્વાસોમાં શાશ્વત ગુંજે..

આદિ અનાદિ થઈ વહેતી અવિરત ધારા,
★ઓમકાર★ રૂપે અનંત અખિલ બ્રહ્માંડમાં ગુંજે.
દર્શના "મીતિ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**
વિષય : અંતરનાદ
શીર્ષકઃ અજવાળું પગથારે.
પ્રકાર :પધ શબ્દો : ૮૨

હૈયા કેરાં ડેલાને દીધા ટકોરા જ્યારે,
અંતર કેરા કમાડ ઉઘડીયા છે ત્યારે.
મનવા કેરો મોર કરી વિચાર પગલાં માંડે,
આમ જાવું કે તેમ ના સમજેએ પગથારે.

આધુનિકતા આંજી આંખોને ખેંચે મોહનાં દ્વારે,
લગામ તાણી ઉભી રેતી સંસ્કરીતા એને ત્યારે.
પૂરબ અને પચ્છમના ભેદ એને લાગે છે બહુ ભારે,
સદગુણ કેરું પંખી અંતરે અકળાયે છે બહુ ત્યારે.

પથ્થર કહી મજાક કરતું જગ જ્યારે જ્યારે,
પથ્થરમાં પ્રાણ પૂરતું તત્વ ભક્તિ કેરું ત્યારે.
સદગુરુ કેરી વાણી પડે કાને, સુણે આતમ જ્યારે,
અંતરે થાતો નાદને અજવાળું થાય છે પગથારે.

લેખિકા : ચારુલતા દોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 0101**
★વિષયઃ અંતરનાદ★
★શીર્ષકઃગેબી અવાજ★
પ્રકારઃ ગદ્ય લેખ શબ્દઃ ૩૬૨

શું તમે ક્યારેય આંતરિક લાગણીના સ્પંદન અથવા અંતરમાં ઊઠતો કોઈ ગેબી અવાજનો અનુભવ કર્યો છે જે તમને નિર્ણય લેવા તરફ માર્ગદર્શન આપે? આ ઘટનાને ઘણીવાર "આંતરિક અવાજ" અથવા અંતઃકરણજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે. તે વાસ્તવિક છે પણ શું આપણે તેના પર પ્રતિક્રિયા આપવી જોઈએ? સંશોધન સૂચવે છે કે આપણી અંદરનો અવાજ એ આપણી અર્ધજાગ્રત મનની પ્રક્રિયાની માહિતી અને જોડાણો બનાવવાનું પરિણામ છે કે જેના વિશે આપણું સભાન મન જાગૃત ન હોય. આ અચાનક આંતરદૃષ્ટિ, સર્જનાત્મક વિચારો અને જીવન બદલાવના નિર્ણયો તરફ દોરી શકે છે.
★ધ્યાન આપો★: તમારી આંતરિક લાગણી અને અંદરના અવાજની નોંધ લો. તેમને માત્ર સંયોગો તરીકે બરતરફ ન કરો.
★તમારી વૃત્તિ પર વિશ્વાસ કરો★: જો તમારો આંતરિક અવાજ તમને જોખમ લેવાનું અથવા પરિવર્તન લાવવાનું કહે છે, તો વિશ્વાસ કરો કે તે તમને વૃદ્ધિ તરફ માર્ગદર્શન આપે છે.
★વિશ્લેષણ કરો★: તમારા વિચારો અને લાગણીઓને સમયાનુસાર વિશ્લેષણ કરો અને તે તમને શું કહે છે તે સમજવાનો પ્રયાસ કરો.
હવે, ચાલો એક વાસ્તવિક જીવનની વાર્તા જોઈએ જ્યાં ★અંતરનાદ★ સફળતાને આકાર આપવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે
વર્ગીઝ કુરિયન, જેને "સફેદ ક્રાંતિના પિતા" તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભારતીય સામાજિક ઉદ્યોગસાહસિક હતા જેમણે ભારતમાં ડેરી ઉદ્યોગમાં ક્રાંતિ આણી હતી.
ભારતના કેરળમાં ૧૯૨૧ માં જન્મેલા કુરિયને મદ્રાસ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા અને બાદમાં મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાંથી ડેરી એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવી.
૧૯૪૯ માં, કુરિયન મુંબઈમાં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ફંડામેન્ટલ રિસર્ચમાં જોડાયા, પરંતુ ટૂંક સમયમાં તે નોકરી તેમને અયોગ્ય લાગી. કોઈક તેમને બોલાવી રહ્યું છે એવો અંતરનાદ તેમને પડઘાય રહ્યો હતો. તે અવાજ તેમને કશુંક અર્થપૂર્ણ કરવાનું કહે છે, જે લોકોના જીવનમાં ફરક પાડશે.
અમૂલ ખાતે, કુરિઅને ખેડૂતો સાથે મળીને કામ કર્યું, તેમની જરૂરિયાતોને સમજ્યા અને તેમની આજીવિકા સુધારવા માટે નવીન ઉકેલો વિકસિત કર્યા. તેમણે સહકારી ડેરી ફાર્મિંગની કલ્પના રજૂ કરી, જેણે ખેડૂતોને તેમના પોતાના ભાગ્યનું ઘડતર કરવાની-નિર્ણય લેવાની શક્તિ આપી.
વર્ગીઝ કુરિયને ભારતના સૌથી મોટા અને સૌથી સફળ ડેરી સહકારી મંડળ અમૂલ બનાવવા માટે અથાક મહેનત કરી. આજે, અમૂલ ભારતમાં ઘર ઘરનું નામ બન્યું છે અને તેની સફળતાથી દેશભરમાં અસંખ્ય અન્ય સહકારી પહેલને પ્રેરણા મળી છે.
શ્રી કુરિયને પોતે એક વખત કહ્યું હતું કે, "હું હંમેશાં માનતો હતો કે જીવવાનો સૌથી મોટો મહિમા ક્યારેય પડવાનો નથી, પરંતુ દર વખતે જ્યારે આપણે પડીએ છીએ ત્યારે ફરી ઊભા થવામાં છે."
મેં આ માન્યતા અનુસાર મારું જીવન જીવવાનો પ્રયાસ કર્યો છે.
★ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 352**
વિષય અંતરનાદ. શીર્ષકઃ-આંતરિક અવાજ
શબ્દ સંખ્યાઃ- ૨૦૦ પ્રકારઃ- ગદ્ય લે

જીવનના ઊંડાણને સમજવાનો એક માર્ગ એટલે આંતરિક અવાજ. આંતરિક અવાજ એક એવી પ્રક્રિયા છે જેમાં આપણે આપણી અંદરના અવાજને સાંભળવાનો પ્રયાસ કરીએ છીએ. આ એક એવી પ્રક્રિયા છે જેમાં આપણે આપણા વિચારો, લાગણીઓ અને અનુભવોને સમજવાનો પ્રયાસ કરીએ છીએ.

અંતઃપ્રેરણા દ્વારા, આપણે આપણા જીવનના ઊંડાણને સમજવાનો પ્રયાસ કરીએ છીએ. આપણે આપણા લક્ષ્યો, સપનાઓ અને આકાંક્ષાઓને સમજવાનો પ્રયાસ કરીએ છીએ. આપણે આપણા ડર, ચિંતાઓ અને અનિશ્ચિતતાઓને સમજવાનો પ્રયાસ કરીએ છીએ.

અંતઃપ્રેરણા દ્વારા, આપણે આપણા જીવનને સુધારવાનો પ્રયાસ કરીએ છીએ. આપણે આપણા વિચારો, લાગણીઓ અને અનુભવોને બદલવાનો પ્રયાસ કરીએ છીએ. આપણે આપણા જીવનને વધુ અર્થપૂર્ણ અને સંતોષકારક બનાવવાનો પ્રયાસ કરીએ છીએ.

હળવાશ માટે હેમ

૧. શાંત અને એકાંત જગ્યાએ બેસો.
૨. તમારા વિચારો, લાગણીઓ અને અનુભવોને ધ્યાનથી સાંભળો.
૩. તમારા લક્ષ્યો, સપના અને આકાંક્ષાઓને સમજવાનો પ્રયાસ કરો.
૪. તમારા ડર, ચિંતાઓ અને અનિશ્ચિતતાઓને સમજવાનો પ્રયાસ કરો.
૫. તમારા જીવનને સુધારવાનો પ્રયાસ કરો.
૬. તમારી જાતને પૂછો કે તમને શું જોઈએ છે અને શા માટે.
૭. તમારા વિચારો અને લાગણીઓ લખવાનો પ્રયાસ કરો.
૮. તમારી જાતને સમય આપો અને તમારા વિચારો અને લાગણીઓને સમજવાનો પ્રયાસ કરો.
૯. તમારી જાતને માફ કરવાનો પ્રયાસ કરો અને તમારા ભૂતકાળને ભૂલી જવાનો પ્રયાસ કરો.
૧૦. પોતાને સકારાત્મક અને આશાવાદી બનાવવાનો પ્રયાસ કરો.

વધુ અર્થપૂર્ણ અને સંતોષકારક બનાવી શકો છો.
શોભના ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 140**
વિષયઃ અંતરનાદ. શીર્ષકઃ ભીતરનો ભેરુ
પ્રકારઃ અછાંદસ કાવ્ય શબ્દ સંખ્યાઃ ૮૪

માંહ્યલો જાણે સઘળું સત્ય પણ પાખંડી બોલે નકરૂં જુઠ.

કહેતો ફરે દંભી સદા
હું કરું, હું કરું પણ મન પર કુબુદ્ધિનું સદા પ્રવર્તે શાસન.

અંતરમન પર રાજધર્મ નું પાલન કરવામાં ચૂક્યા? સાચો ધર્મ ભીષ્મ પિતામહ ને
મંડાણ થયું મહાભારતનું.

ભરી સભામાં લાજ લૂંટાય
નતમસ્તકે બેઠા પાંચેય પતિ
સતીનો આંતરનાદ સૂણી સખા કૃષ્ણએ કીધી સહાય.

પાપ ધોવા પ્રયાગ રાજે ઉમટ્યું અડધું ભારત
પાપોનું પુનરાવર્તન નહીં કરવા કેટલા થયા કટિબદ્ધ?

ધર્મનો પંથ છે અતિ કઠીન
ષડરિપુની છે માયાજાળ
કોઈ સાથ આપે ના આપે
ભીતરના ભેરુની સૂણ.

લેખિકાઃ હેમા ત્રિવેદી
કૃષ્ણપ્રિયા

# એક પક્ષના મહામંત્રી પ્રેસ કોન્ફરન્સ કરવાના જુર્મસર ઘરભેગા થયા !!!

એક પાર્ટી વીથ ડિફરન્સ( પાર્ટીમાં બે વ્યકિતનો મત નિર્ણાયક. કશું જ ડિફરન્ટ નથી-બીજી પાર્ટી કરતા એ નજરે તરે તેવી બાબત છે. ડિસિપ્લીનના ધજીયા બોલે એ જ ડિસિપ્લીન!!)

આવી પાર્ટીના એક પદાધ્કારીને પાર્ટીએ સસ્પેન્ડ કરી નાંખ્યા!! એ મહાનુભાવ રાષ્ટ્ર લેવલના કે રિજયોનલ લેવલના નહી. કોઇ રાજ્યના પ્રભારી કે સહ પ્રભારી નહી! કદાચ પેજ પ્રમુખ કે સિંગલ વોટર પ્રમુખ હશે!! જેટલા મતદાર તેટલા સિંગલ વોટર પ્રમુખ! કેટલી દૂરદંશિતા!! દીર્ઘ દ્રષ્ટિ ! કેટલા બધા કાર્યકરને હોદાની લ્હાણી કરી શકાય!!

એ પદાધિકારીને પાર્ટીએ સસ્પેન્ડ કર્યા . શો કોઝ નોટિસ, નોટિસનો જવાબ એ ઓલ્ડ ભારતની પરંપરા. નયા ભારતમાં બધું મેગી જેવું લાઇવ અને ઇન્સ્ટન્ટ !! ચટ મંગની પંચ બ્યાહ જેવું !!

હું અને રાજુ રદી તેનો ઇન્ટરવ્યુ લેવા પહોંચી ગયા. જયાં ન પહોંચે ચોપાનિયું ત્યાં પહોંચે બખડજંતર ચેનલ.બખડજંતર ચેનલના મખ્ખીચૂસ માલિક બાબુલાલ બબુચકે ચેનલ માટે આ સ્લોગન તરતું મુકયું છે. જો કે, સ્લોગન મંદીના મધદરિયે ચાઇટેનિકની માફક જળ સમાધિ લીધી છે!!

'' હેલ્લો મિસ્ટર એકસ મહામંત્રી.'' અમે પદાધ્કારીનું ચેનલ વતી અભિવાદન કર્યું.

''નમસ્તે ગિરધરલાલ ગરબડિયા '' એમણે ઉતરેલ ચટણી જેવા અવાજે ( ઉતારેલી કઢી શબ્દ કયાં સુધી દર્શકોના માથે મારવાનો હોય? પત્રકારિતામાં નવોન્મેષ જોઇએ કે નહી??)અમારું અભિવાદન કર્યું !!

'' કેવા હાલચાલ છે?'' અમે ટિપિકલ સવાલ કર્યો. જે ઇન્ટરવ્યુ દ્વારની દુખતી નસ સમાન હોય છે. (અમે ડોકટર પછી એવા પ્રોફેશનલ છીએ, જે કલાયન્ટની નાડ પારખી શકતો હોય!!)

'' લુક ,મિસ્ટર ગરબડિયા.અમે પોપટની જેમ ભૂખ્યા કે તરસ્યા ન હોત એટલે કે અમે ખુશહાલ હોત તો તમે અમારો ઇન્ટરવ્યુ લેવા અમદાવાદથી અહીં લાંબા થયા ન હોત!! ટુંકમા નથીંગ ઇઝ વેલ!! અમે બેહાલ છીએ!'' એકસ મહામંત્રી નારાજગીનો સૂર હાઇ લેવલે સેટ કર્યો.

'' નો બકવાસ. સીધી વાત. તમને ગડગડિયું કેમ પકડાવ્યું??'' અમે ડાયરેકટલી પૂછી કાઢ્યું .

'' એ તો મને કેમ ખબર પડે? તમે પ્રદેશ લીડરશાપ અને નહીતર સેન્ટ્રલ લીડરશીપને સવાલ કરો. આઇ હેવ નો આઇડિયા .'' એમણે સચીડ જવાબ આપ્યો.

'' તમે પરિવારવાદને પ્રોત્સાહન આપ્યું હશે?'' સસ્પેન્શનની શકયતા ખંગાળી.

'' હું તમારા કેમેરામેન રાજુ રદીની જેમ આજીવન કાયમી કનફર્મ્ડ કાચો કુંવારો છું!!તેમનો જવાબ.

'' તમે કોઇ સ્કેમબેમ કર્યું હશે?'' અમે વધુ સવાલ તરતો મુકયો!!

'' હું તો સંકલન મહામંત્રી હતો. ગાંઠનું ગોપીચંદન કર્યું છો પાર્ટી માટે ઘરના ફદિયા ખર્ચ કર્યા છે!?'' લગભગ દરેક પાયાના અને પીઢ કાર્યકરનો આવો બળાપો સહજ હોય!!

'' તમે ટુકડે ટુકડે ગેંગમાં ભળેલા હશો??'' અમે વધુ એક આક્ષેપ કર્યો.

'' જો અમે ટુકડે ટુકડે ગેંગના સદસ્ય હોઇએ તો પછી પાર પ્રધાનમંત્રી શાહબાજ શરીફ જ રાષ્ટ્ર પ્રેમી ગણાય!'' પુલાવામા સર્જીકલ સ્ટ્રાઇક જેવું જડબેસલાક બોલ્યા!!

'' તમેચૂંટણીમાં ટિકિટ માંગી હશે??અમારા ભાથામાં સવાલના શસ્ત્રો અખૂટ હતા!

'' માંગ્યે મોત મળે તો પાર્ટીની ચૂંટણી ટિકિટ મળે. અમે વોર્ડ મેમ્બરની પણ ટિકિટ માંગી નથી. સામે વિપક્ષના વૃષભોને પાર્ટીનો ખેસ પહેરવાનો ખેલ પૂરો કરે તે પહેલાં ટિકિટ અને ચૂંટાયા પછી મંત્રીની ખુરશી મળે છે. ત્યારે કાર્યકર તરીકે જનોઇવઢ ઘા વાગે છે. દેખ તેરી પાર્ટી કી હાલત કયાં હો ગઇ બિક ગઇ પાર્ટી જેવી ફિલીંગ આવે છે??'' એકસ મહામંત્રી રડમસ થઇ ગયા!!

'' તમે પાર્ટી માટે ચૂંટણી ફંડ ભેગું કરવામાં પ્રમાદ સેવ્યો હશે??'' અમે વધુ એક સવાલી મિસાઇલ છોડી .

'' અમારી પાર્ટીમાં બધા કાર્યકર પ્રમોદ મહાજન નથી .પણ ફંડ એકત્ર કરવામાં પ્રમોદ કે પ્રવીણ મહાજન છે! એકસ મહામંત્રી ગોરવપૂર્વક બોલ્યા .

'' તમે પાર્ટી કેન્ડીડેટને જીતાડવાના બદલે માથે રહીને હરાવ્યો હશે!! ગેરશિસ્ત આચરી હશે??'' અમે તેની પાર્ટી તરફની લોયલ્ટી પર શંકાકુશંકા કરી !!

'' અમારા પર માથે થોપવામાં આવેલ ઉમેદવારને ખભે બેસાડી તેને જીતાડવા તનતોડ, મનતોડ, ધનતોડ પ્રચંડ પુરૂષાર્થ કર્યો છે. બાકી બેત્રણ નેતાના રોડ શો,રેલી કે ભાષણોમાં બખાળાથી પાર્ટી થોડી લેન્ટસ્લાઇડ વિકટરી મેળવે છે??'' મહામંત્રીએ પાર્ટીની જીતની રેસીપી ડીકલેર કરી દીધી!!

'' તમે બેટી પઢાવો, બેટી બચાવોના સૂત્રને ટવિસ્ટ કરી બેચી પટાવો નારો લગાવ્યો હશે?'' અમે સંગીન આરોપ મુકયો?

'' નો કોમેન્ટસ '' એમ કહી ઇન્ટરવ્યુ બરખાસ્ત કર્યો!??

સાંભળ્યું છે કે તાલુકામાં ગેરકાયદે ખનિજ દ્રવ્યોની ચોરીથી વ્યથિત થઇ વગર પરવાનગીએ પ્રેસ કોન્ફરન્સ યોજવાના જઘન્ય, ઘોર અને અક્ષમ્ય પક્ષ વિરોધી કાર્યવાહીના કારણે પક્ષે તેમને સસ્પેન્ડ કર્યા છે!!ભાઇ મહામંત્રી, પ્રધાન સેવક પાસેથી એટલું શીખો કે મનની વાત કરવા સિવાય ( બગાસુ ખાવા પણ મોં ખોલવું નહીં . નહીતર બગાસાંના અનાજનું અર્થઘટન વિવેચન, વિરેચન કરી તમને ઘરભેગા કરી નાંખશે !!) મોં ખોલવું નહી.છાપાવાળાને બહુ માથે ચડાવાય નહી. નહીતર માથે છાણા થાપે!!! કેરી કાપીને કે ચૂસીને ખાવા જેવા સ્ક્રિપ્ટેડ સવાલના જવાબ દેવા સારા !!

કેવો અદ્ભૂત પારસ્પરિક વિરોધાભાસ છે. પક્ષના સર્વેસર્વા ફાલતુ અને નિકમ્મી પ્રેસ કોન્ફરન્સ કરવાની બબાલમાં પડતા નથી અને બીજી બાજુ જિલ્લા મહામંત્રી પ્રેસ કોન્ફન્સનો ચિપીયો પછાડીને તેમની નોકરામાથી હાથ ધુવે છે!! મને એ સમજાતું નથી કે શાને આવું થાય છે ?

ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !આવું કવિ કરસનદાસ માણેક અમથું કહી ગયા નહી હોય!!

ભરત વૈષ્ણવ

### શિવરાત્રી ના પવિત્ર દિવસ મહાદેવની આરાધના કરવા માટે શિવ મહાપૂજા

# મહા અભિષેક... દીપ માળ.. મહા આરતી..મહા પ્રસાદ નું ભવ્ય. આયોજન કરવામાં આવ્યું હતું.



પુરાણોમાં પ્રસિદ્ધ એવા સિદ્ધનાથ મહાદેવ ના મંદિર માં સમસ્ત બ્રહ્મ સમાજ સાણંદતાલુકા દ્વારા શિવરાત્રી ના પવિત્ર દિવસે દેવાધિદેવ મહાદેવ ની આરાધના કરવા માટે શિવ મહાપૂજા.મહા અભિષેક... દીપ માળ.. મહા આરતી..મહા પ્રસાદ નું ભવ્ય. આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમસ્ત સાણંદ તાલુકા બ્રહ્મ સમાજ આયોજિત આ ભવ્ય કાર્યક્રમ ની વિગતો આપતા પ્રમુખ સનતભાઈ પંડિત અને મહામંત્રી દિલીપભાઈ રાવલે જણાવ્યું હતું કે સમગ્ર બ્રહ્મ સમાજ દ્વારા પવિત્ર શિવરાત્રી ના દિવસે દેવાધિદેવ મહાદેવ ની સાધના અને આરાધના માં વ્યસ્ત રહે છે તેવા પવિત્ર દિવસે બ્રહ્મ સમાજ દ્વારા આવો ભવ્ય કાર્યક્રમ યોજી ને દેવાધિદેવ મહાદેવ ની આરાધના કરવામાં આવી હતી.આ શિવ મહાપૂજા માં ભૂદેવો દ્વારા મહાદેવ ની મહાપૂજા ની ભવ્યતાથી ઉજવણી કરવામાં આવી હતી સિદ્ધનાથ મહાદેવ ને ફૂલો થી ફૂલોની જટા થી શણગાર કરવામાં આવ્યા હતા..દીપમાળા કરી ને શિવ મંદિર ખૂબ જ આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું જાણીતા વિદ્વાન કર્મકાંડી વિમેશભાઈ પંડિતે સિદ્ધનાથ મહાદેવજી ને પ્રસન્ન કરવા દૂધ..દહી..ઘી..મધ..સાકર..શેરડીનો. રસ..દાડમનો રસ..કાળાતલ..ચોખા. લીલા.નારિયેળ નું પાણી.ભસ્મ..ધતુરો..આંકડો..ગુલાબ.સરસવ નું તેલ..બીલીપત્રો.કાળા મરી.. ભાંગ...સહિત વિવિધ દ્રવ્યો થી મહાદેવજી ને પ્રિય એવી મહિમન્ન સ્તોત્ર ના પાઠ થી ભવ્યાતિભવ્ય અભિષેક કરાયો હતો..દિપમાળા. સહિત મહા આરતી કરાઈ હતી તેમા બ્રહ્મસમાજના અગ્રીણીઓ કમલેશભાઈ વ્યાસ...વિજયભાઈ પંડિત..એડવોકેટ..દીપકભાઈ ભટ્ટ... ગૌતમભાઈ રાવલ હરિઓમભાઈ જાની..વિક્રમભાઈ વ્યાસ દિલીપભાઈ રાવલ પી.વી.રાવલ. .સહિત બ્રહ્મ સમાજ ના આગેવાનો હાજર રહ્યા હતા અને મહા આરતી નો લાભ લીધો હતો



રાજભવનમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉષ્માભેર આવકાર્યા ગુજરાતની ચાર દિવસની મુલાકાતે પધારેલા ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ આજે મોડી સાંજે રાજભવન, ગાંધીનગર પધાર્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને ઉષ્માભેર આવકાર્યા હતા. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ આવતીકાલે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના તૃતીય વાર્ષિક દીક્ષાંત સમારોહમાં ભાગ લેશે.

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવણીમાં વિજ્ઞાન મેળો - વિજ્ઞાન રેલી યોજાઈ



વિજ્ઞાન જાથા અને ન્યુ પરિમલ સ્કૂલ ઉપક્રમે વિજ્ઞાન રેલી વિજ્ઞાન મેળો ખુલ્લુ મુક્તા સાંસદ પુરષોત્તમભાઈ રૂપાલા વિજ્ઞાન મેળાની મુલાકાતે સાંસદ પુરષોત્તમભાઈ રૂપાલા, મેયર શ્રીમતિ, નયનાબેન પેઢડીયા,જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ, પ્રવિણાબેન રંગાણી, ઈસ્ઝ ના દંડક મનિષભાઈ રાડિયા, શિક્ષણકાર ચંદ્રકાંતભાઈ મંડિર, ભા.જ.પ.ના આગેવાન મનિષભાઈ ભટ્ટે મુલાકાત લીધી હતી.

રાજકોટ વિજ્ઞાન જાથા ન્યુ પરિમલ સ્કૂલ ઉપક્રમે વિજ્ઞાન મેળો અને વિજ્ઞાન રેલી સફળતાથી સંપન્ન થઈ હતી.છાત્ર છાત્રાઓ એ ૧૦૦થી વધુ વિજ્ઞાન કૃતિઓ રજુ કરી વાલી અને જીજ્ઞાસુઓ નેં પ્રભાવિત કર્યા હતા.વિજ્ઞાન રેલી માં અંધશ્રદ્ધા દુર કરવાના સુત્રોથી લોકોનુ ધ્યાન ખેંચ્યુ હતું. સ્કુલના સંચાલક બ્રિજેશભાઈ મંડિર, અલ્પાબેન મંડિર, અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફ જોડાયો હતો.વિજ્ઞાન રેલીને અને કાર્યક્રમને સફળ બનાવા જાથા ચેરમેન જયંત પંડ્યા વડપણ હેઠળ, અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ભાનુબેન ગોહિલ, રમેશ પરમાર, પ્રકાશ ગોહિલ કાર્યકરો એ જહેમતઉઠાવી હતી.

# ધોલેરા ભાલ સેવા સમિતિ,ઓતારિયા સંચાલિત શાળાઓમા ધોરણ -૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



ધોલેરા ભાલ સેવા સમિતિ ઓતારિયા સંચાલિત ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને અનુદાનિત નિવાસી માધ્યમિક શાળા, ઓતારિયાના ધોરણ ૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ સર્વોદય આશ્રમ ઓતારિયા ખાતે યોજાયો. જેમાં પ્રાસ્તાવિક પ્રવચન શ્રી. સંજયકુમાર ડાભી આચાર્ય શ્રી. ઉ.બુ.વિદ્યાલય દ્વારા કરવામા આવ્યુ હતુ તેમજ વિદાય આપનાર તથા વિદાય લેનાર વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો આગવી શૈલીમા રજુ કર્યા હતા. તેમજ શાળાને ભેટ અર્પણ કરવામા આવી હતી. ગુરુજનોના દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા. તેમજ ધોલેરા ભાલ સેવા સમિતિ ઓતારિયાના પ્રમુખ શ્રી. સામતસંગભાઇ ઉમંટ તથા મંત્રી શ્રી. રાજુભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને આજના સમયમા શિક્ષણનુ પ્રાધાન્ય જરુરી છે પરીક્ષાનો ડર રાખ્યા વગર ખૂબજ મહેનત કરી સારા ગુણ સાથે ઉતીર્ણ થાવની શુભકામના પાઠવી હતી. કાર્યક્રમના અંતે વિદાય ગીત યાદ આવે તો યાદ જરા લાવજો.....રજુ કરવામા આવ્યુ હતુ.

# પ્રયાગરાજ કુંભમેળામાં સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવમય અને ભવ્ય આયોજન

પ્રયાગરાજ કુંભમેળામાં આયોજિત આતિથ્યમય ધાર્મિક કાર્યક્રમમાં વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની દિવ્ય ઉપસ્થિતિએ સમગ્ર પર્વને પવિત્રતા અને શોભા આપી.પ.પૂ. એસપી સ્વામી (ગઢડા) ના દૃઢ સંકલન અને સુચિંતિત આયોજન હેઠળ સ્વામિનારાયણ નગરમાં ભવ્ય પંડાલની રચના કરવામાં આવી હતી, જ્યાં પાંચ દિવસ સુધી કથા, યજ્ઞ અને સત્સંગ યોજાયા. હજારો હરિભક્તો અને શ્રદ્ધાળુઓએ આ ધાર્મિક મહોત્સવમાં ભાગ લઈને આધ્યાત્મિક આનંદ અનુભવ્યો. આવૃત્તિનો એક વિશેષ અને સૌનું ધ્યાન આકર્ષતી ઘટના ત્રિવેણી સંગમ સુધીની ભવ્ય શોભાયાત્રા રહી. આ શોભાયાત્રામાં પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના માર્ગદર્શન હેઠળ હજારો હરિભક્તો જોડાયા હતા. પ્રભુના દિવ્ય દર્શન સાથે, ભક્તિમય નાદ અને ધર્મધ્વજાઓની સાથે આ શોભાયાત્રાએ સમગ્ર પ્રયાગરાજમાં ભાવિકતાનો મહિમા ફેલાવ્યો હતો. ત્રિવેણી સંગમ તટે પહોંચતા જ યાત્રાળુઓએ પવિત્ર મહાસ્નાન



અને ધાર્મિક વિધિનો લાભ લીધો.આ સમગ્ર આયોજન આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ તથા એસપી સ્વામીના સંકલન દ્વારા ભવ્યતાપૂર્વક સંપન્ન થયું. શ્રદ્ધાળુઓ માટે સુવ્યવસ્થિત ભોજન વ્યવસ્થા અને રહેવાની સગવડ પણ સુચારુ રીતે પૂરી પાડવામાં આવી, જેથી દરેક ભક્તને ભક્તિ સાથે આરામદાયક અનુભવ મળ્યો.આ પવિત્ર પ્રસંગે ધર્મ, ભક્તિ અને સેવા દ્વારા સત્સંગી જીવનશૈલીને ઉજાગર કરતા આ કાર્યક્રમે ભવિષ્યમાં પણ ભક્તજનો માટે પ્રેરણાસભર ઉદાહરણ સ્થાપિત કર્યું.

અહેવાલ કનુભાઈ ખાચર

# સુરેન્દ્રનગરમાં કાર્બોસેલ ખાણમાં વધુ એક શ્રમિકનું મોત, તપાસ માટે નાયબ કલેક્ટર ઘટનાસ્થળે



સુરેન્દ્રનગર જિલ્લામાં મોટાપાયે ગેરકાયદે ખનીજ ચોરી બેફામ રીતે થતી હોય છે અને ઘણીવાર આ કાર્બોસેલની ખાણ શ્રમિકો માટે મોતની ખાણ સાબિત થતી હોય છે. આ દરમિયાન વાગડિયા ગામની સીમમાં કાર્બોસેલની ખાણમાં વધુ એક શ્રમિકનું મોત નિપજ્યું છે. આ ઘટનાને લઈને તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી સુરેન્દ્રનગરના વાગડિયા ગામની સીમમાં કાર્બોસેલની ખાણમાં ગોપાલ નામના શ્રમિકનું મૃત્યુ નિપજ્યું હતું. જેને લઈને નાયબ કલેક્ટરે વાગડિયા ગામની સીમમાં ગેરકાયદે કાર્બોસેલના કૂવામાં દરોડા પાડયા હતા. શ્રમિકના મૃત્યુ અંગે તપાસ હાથ ધરી છે. ગેરકાયદે ખાણોમાં અનેક મજૂરો મોતને ભેટ્યા છે. જેને લઈ ખનીજ વિભાગ અને પોલીસ સહિત તંત્ર સામે સવાલો ઊઠયા છે.




નમસ્કાર શ્રી સરસ્વતી શિશુ મંદિર ડાકોર વિદ્યાલયમાં ૧૫ ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી સુધી માતૃભાષા સપ્તાહની ઉજવણી કરવામાં આવી. જેમાં માતૃભાષા સપ્તાહના પ્રથમ દિવસે માતૃભાષા ઉદભવ અને વિકાસ ની સમજ અને માહિતી આપવામાં આવી. ત્યારબાદ ગુજરાતી સાહિત્યના કવિઓ અને લેખકોમાં નરસિંહ મહેતા, મીરાબાઈ ઝવેરચંદ મેઘાણી, નર્મદ અને અન્ય કવિ અને લેખકોની માહિતી આપવામાં આવી. દરેક કવિ અને લેખકની કૃતિ એકપાત્ર અભિનય દ્વારા રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ લગ્ન સમયે જે પણ વિધિ કરવામાં આવે તેની સંપૂર્ણ માહિતી વિદ્યાલયના પ્રધના આચાર્ય મુકેશભાઈ રબારી દ્વારા કરવામાં આવી અને લગ્ન વિધિ ના ગીતો બિનલ દીદી અને આનંદ દીદી દ્વારા ગાવામાં આવ્યા. દરેકે દરેક બાબત કૃતિ દ્વારા બાળકોએ વંદના સમયે રજૂઆત કરવામાં આવી. જેસલ તોરલ ની કૃતિની પણ રજૂઆત કરવામાં આવી. ૨૧ ફેબ્રુઆરીના રોજ સોહમભાઈ દ્વારા વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે વક્તવ્ય આપવામાં આવ્યું અને તેના વિશે સમજ આપવામાં આવી. અને વિદ્યાલયના અન્ય દીદી દ્વારા ગઝલ ગીતો અને ભજનોની રજૂઆત કરવામાં આવી અને બાળકો દ્વારા પણ કાવ્ય અને ગઝલની અંતિમ રજૂઆત કરવામાં આવી.

# સાબરકાંઠા-અરવલ્લીના ઉપક્રમે ક્ષત્રિય ઠાકોર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ક્ષત્રિય ઠાકોર સમાજ અરવલ્લી-સાબરકાંઠાના ઉપક્રમે તારીખ ૨/૩ /૨૦૨૫ ને રવિવારના રોજ સાબરડેરી તલોદ રોડ રામપુરા ચોકડી માન્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સભાસ્થળ ખાતે લગ્ન સમારંભનું આયોજન કરવામાં આવ્યુંછે. જેમાં નિ:શુલ્ક ૧૨૧ જોડકા લગ્નગ્રંથિથી જોડાવા જઈ રહ્યા છે.આ પ્રસંગે સમગ્ર ગુજરાતના અગ્રગણ નેતાઓ,દાતાઓ, સમાજના આગેવાનો અને સંતો, મહંતોની સાથે લોકગાયક કલાકારો પણ ઉપસ્થિત રહેવાના છે.આ પ્રસંગ માટે નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપવામાં આવ્યુંછે તેઓએ પત્રથી સૌને શુભેચ્છાઓ પાઠવી છે.અરવલ્લી સાબરકાંઠા ક્ષત્રિય સમાજના ઉપક્રમે યોજાઈ રહેલ આ કાર્યક્રમના આયોજક અને મુખ્ય વ્યવસ્થાપક એવા આ વિસ્તારના સંસદ સભ્ય શોભનાબેન બારૈયા અને તેમના પતિ અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહજી બારૈયા તથા આ



વિસ્તારના મોડાસા ધારાસભ્ય તથા ગુજરાત સરકારના મંત્રી ભીખુસિહ પરમાર તથા હિંમતનગરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ ઝાલાની સાથે અનેક દાતાઓ તથા સામાજિક અગ્રણીઓ જોડાયા છે.સમગ્ર ગુજરાતના ક્ષત્રિય ઠાકોર સમાજના નેતાઓ અને આગેવાનો પણ ઉપસ્થિત રહેવાના છે.ખૂબ વિશાળ પાયા પર સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંછે.જેની નોંધ સમગ્ર વિસ્તારના દરેક સમાજના લોકોએ લીધી છે.આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તેમજ દીવ દમણના પ્રશાસક અને આ વિસ્તારના આગેવાન પ્રફુલભાઈ પટેલ મૂખ્ય મહેમાનો તરીકે હાજર રહેવાના છે. ગુજરાતના તમામ સમાજોના ગણ માન્ય નેતાઓ અને મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો પણ હાજર રહેવાના છે.તથા અગ્રણી સંતો ઉપસ્થિત રહીને નવ યુગલો ને આશીર્વાદ પાઠવવાના છે.એક ભવ્ય સામાજિક શમિયાણા દ્વારા લોકસેવાની ભાવનાનું કામ થાય એ રીતે આયોજન કરવામાં આવ્યું છે.આટલા મોટા વિશાળ એક જ શમિયાણા નીચે શરણાઈના સૂર સાથે ૧૨૧ જેટલા નવદંપતી યુગલો પ્રભુતામાં પગલા માંડી ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરનાર હોઈ આયોજકો,અને લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના પરિવારજનોમાં પણ અનેરો ખુશીનો માહોલ,ઉમંગ અને ઉલ્લાસ જોવા મળી રહ્યો છે.

# ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સનાતન સેતુ ટ્રસ્ટ કલોલ દ્વારા લોક સાંસ્કૃતિક ભવ્ય ડાયરો યોજાયો

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સનાતન સેતુ ટ્રસ્ટ કલોલ દ્વારા લોક સાંસ્કૃતિક ભવ્ય ડાયરો યોજવામાં આવેલ આ ડાયરામાં કલોલના લોક લાડીલા ધારાસભ્યશ્રી લક્ષ્મણજી ઠાકોર સમારંભના અદયક્ષ તરીકે હાજર રહેલ સાથે મુખ્ય અતિથી શ્રી સુરેશભાઇ પટેલ (ફોજી ભારત સરકાર) અને અતિથી વિશેષશ્રીઓ તરીકે શ્રી શૈલેષભાઇ પટેલ પ્રમુખશ્રી નગરપાલિકા કલોલ,શ્રી જીતેન્દ્રભાઇ પટેલ પ્રમુખશ્રી કલોલ




ભાજપ શહેર શ્રી ભાર્ગવભાઇ પટેલ,પ્રમુખ કલોલ તાલુકા ભાજપ શ્રી હર્ષભાઇ પટેલ મંત્રીશ્રી,ગાં.જીલ્લા યુવા મોરચા ઉપસ્થિત રહયા હતા.કાર્યક્રમમાં અનય કલોલના જુદા-જુદા સમાજના અગ્રણી ઓનું પણ સન્માન કરવામાં આવેલ કાર્યક્રમમાં કલાકારો દ્વારા લોકસાહિત્ય તમામ ધર્મની વાતો,દેશભક્તિની વાતો વગેરે રજુ કર્યુ. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ શ્રી ડો.જુલીબેન મીર ઉપસ્થિત રહી સીમાબેન કવી તથા કુમારભાઇ મીર અને સંસ્થાના માર્ગદર્શક મુકેશભાઇ દવે ભારે જહેમત ઉઠાવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.